# ગાંધીનગરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથના ખર્ચ પર પાણીઢોળ

**સેક્ટરોમાં કોર્પોરેશન તેમજ પાણી પુરવઠા બોર્ડની આડેધડ ખોદકામગીરીના લીધે ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા : માર્ગ મકાન વિભાગે પાણી પુરવઠા બોર્ડને ફુટપાથની સ્થિતિ અંગે રીપોર્ટ મોકલવા પત્ર લખ્યો**



ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરના મુખ્યમાર્ગો આસપાસ અંદાજિત ૯૩ કી મી માં રોડ નેટવર્ક પથરાયેલુ છે. જો કે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ પર હાલ ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે. ગાબડા ગ્રસ્ત ફુટપાથ આમ નાગરિકો માટે ડગલે ને પગલે હાલાકીનુ કારણ બની રહી છે. પાણી પુરવઠા બોર્ડ તેમજ કોર્પોરેશનની આડેધડ કામગીરીના લીધે ફુટપાથ પર ગાબડા પુરાતા નથી એક સાંધો ત્યાં તેર તુટે જેવી સ્થિતિ છે. શહેરના ખ માર્ગ સહીત રોડ નં -૩ અને ઉભા અને આડા રસ્તાઓ આસપાસ સ્થિત ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળી રહ્યા છે.

ગાંધીનગરમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ છેલ્લા ત્રણ વર્ષથી ગાબડાની ગિરફતમાં છે. ફુટપાથ પર નજર નાંખો ત્યાં ટાઈલ્સો ઉખડેલી જોવા મળે છે. જયારે કેટલાક ઠેકાણે મસ મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. બે વર્ષ અગાઉ કોર્પોરેશન દ્વારા સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરાયા બાદ ઠેર ઠેર આખી ફુટપાથ જમીનમાં ગરકાવ થઈ ગઈ હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા જો કે લાંબા સમય સુધી ફુટપાથનુ સમારકામ પણ હાથ ધરવામાં આવ્યુ ન હતુ જેના લીધે વોક વે પર વોકીંગ કરવાનુ પણ જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. શહેરના ઉભા અને આડા માર્ગોની આસપાસ ફુટપાથની આભા ઉભી કરાયા બાદ ઘણાં સમયથી જાળવણીનુ કામ થતુ નથી અગાઉ વાઈબ્રન્ટ વેળાએ વી વી આઈ પી મહાનુભાવાની અવરજવરને અનુલક્ષી કેટલાક ઠેકાણે ફુટપાથ પર ગાબડા પુરવામાં આવ્યા હતા જયારે બીજીતરફ પાણી પુરવઠા બોર્ડ દ્વારા પણ સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરાતા હાલ મુખ્યમાર્ગો આસપાસ રોજબરોજ ફુટપાથ પર નવા નવા ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. શહેરના રોડ નં -૩ આ ઉપરાંત ખ-૦ ખ-૩ તેમજ નગરના ઉભા આડા માર્ગો પર હજુ પણ ફુટપાથની સ્થિતિ કંગાળ જોવા મળે છે. ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા પણ દુર કરાયા નથી જેના લીધે વોકીંગ કરનારાઓ વારંવાર ગબડી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા સેકટરોમાં પાણીની નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરાયા બાદ વિજ કેબલ કટ ઓફ થવાની પણ અનેક ફરિયાદો ઉઠવા પામે છે. જયારે પાણી કે ગટર લાઈનમાં પણ વારંવાર ભંગાણ થતા સેવાઓ ખોરવાય છે. બીજીતરફ પાણીની નવી લાઈન નાંખવાનુ કામ શરૂ કરાયા બાદ શહેરના વિવિધ માર્ગો પર ફુટપાથના અસ્તિત્વ પર મોટો ખતરો ઉભો થયો છે. સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે આડેધડ ખોદકામના લીધે ફુટપાથમાં રોજ બરોજ નવા ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. હાલ ખ-૦ થી ખ-૩ રોડ નં -૩ , ઘ-૨ નાના ગ-૩ સહીતના વિવિધ ઠેકાણે ફુટપાથમાં ભંગાણ થયુ છે. જયારે પાણી પુરવઠા બોર્ડની આ કામગીરીના લીધે ફુટપાથ ચિથરેહાલ બની છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પણ પાણી પુરવઠા બોર્ડ તેમજ કોર્પોરેશને પત્ર લખી ફુટપાથના ગાબડા પુરવાનુ કામ તેમની એજન્સીંએ કરવાનુ રહેશે તેમ પણ જણાવી દીધુ છે. આ ઉપરાંત પાટનગર યોજના વિભાગ કક્ષાએથી પણ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન જયાં પણ વોક વે ને નુકશાન થયુ છે તેનો સર્વે કરી યાદી સુપ્રત કરવા પત્ર લખવામાં આવ્યો છે.

# શહેરમાં ગરમીનો મિજાજ યથાવત

**મહત્તમ તાપમાન દોઢ ડીગ્રી ઉપર આવ્યુ : છેલ્લા ત્રણ દિવસમાં ગરમીમાં ૩ ડીગ્રીનો વધારો : સતત હીટવેવના લીધે નગરજનો ત્રાહીમામ જનજીવન પ્રભાવિત : શહેરીજનોને આકરી ગરમીથી મુંઝારો : જન આરોગ્ય પર વિપરિત અસર**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં ગરમીએ કાળોકેર વર્તાવ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનુ જોર પાછુ વધી રહ્યુ છે. ગરમીનો પારો આજે પણ દોઢ ડીગ્રી ઉપર આવ્યો હતો. મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રીએ આવી ગયુ હતુ જેના લીધે બપોરના સમયે અંગ દઝાડતી ગરમીએ સૌ કોઈને પ્રભાવિત કર્યા હતા. દિવસની સાથે રાત્રિનુ તાપમાન પણ ૨૮ ડીગ્રીની આસપાસ રહેતા મોડી રાત સુધી વાતાવરણમાં ગરમાવાની અસર જોવા મળે છે. આકરી ગરમીથી નગરજનો બેબાકળા બની ગયા છે. જયારે બપોરના સમયે સેકટરોની શેરીઓ તેમજ શોપિંગ બજારમાં પણ સન્નાટો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ ફરી એકવાર ઉગ્ર બન્યો છે. મેં મહીનાની શરૂઆતથી ગરમી આક્રમક મુડમાં જોવા મળે છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ઘટીને ૪૦ ડીગ્રી સુધી નીચે ઉતર્યુ હતુ જેના લીધે શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી પરંતુ છેલ્લા બે દિવસથી રોજબરોજ મહત્તમ તાપમાન ઉંચુ આવતા દિવસની અંગ દઝાડતી ગરમીથી જનજીવન બેચેન બન્યુ છે. આજે ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ પહોંચી ગયો હતો સિઝનની અત્યાર સુધીની મહત્તમ ગરમી ૪૫.૮ ડીગ્રી નોંધાઈ છે. જયારે ગરમીના દિવસો દરમિયાન મહત્તમ તાપમાન અત્યાર સુધી ત્રણ વાર ૪૪ ડીગ્રી સુધી પહોંચી ગયુ છે. આ ઉપરાંત એકવાર ગરમી ૪૫.૮ ડીગ્રી પહોંચી જતા છેલ્લા આઠ વર્ષની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી જયારે છેલ્લા બે દિવસથી ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. બે દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૧.૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે આજે ૧.૬ ડીગ્રીના વધારા સાથે ગરમીનો મિજાજ તીખો રહ્યો હતો. બપોરના સમયે આકાશમાંથી આગ વરસતા નગરજનો આકરી ગરમીની જવાળમાં લપેટાયા હતા.

આકરી ગરમીનુ જોર યથાવત રહેતા જનજીવન પ્રભાવિત છે. બપોરના સમયે શહેરના જાહેર સ્થળો અલબત્ત શોપિંગ સેન્ટરોમાં પણ ખાલીપો જોવા મળે છે. જયારે નગરના માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે. મોડી સાંજ સુધી અકળાવતી ગરમીના અંતે રાત્રિના સમયે પણ વિશેષ રાહત મળતી નથી રાત્રિનુ તાપમાન પણ ૨૮ડીગ્રીની આસપાસ રહે છે. જેના લીધે મોડી રાત સુધી વાતાવરણમાં ગરમાવાનો અહેસાસ કરતા નગરજનો હવે ગરમીની સિઝનથી તોબા પોકારી ગયા છે.

હાલ શાળા કોલેજોમાં વેકેશનની હોવાની સાથે ગરમી પ્રકોપ યથાવત રહેતા નગરજનો ગરમ લું થી બચવા માટે ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. છેલ્લા કેટલાક દિવસથી ગરમીની સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ વધી રહ્યુ છે. આજે પણ સવારે ૬૫ ટકા ભેજ નોંધાયો હતો ભેજ વધતા ઘણીવાર વાતાવરણમાં આકરા તાપ સાથે ઉકળાટ અનુભવતા રહીશો કાતિલ ગરમીથી મુંઝારો અનુભવી રહ્યા છે.

# માણસાની સમીક્ષા બેઠકમાં પ્રશ્નોની ઝડીઓ મુખ્યમંત્રી સમક્ષ વરસી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે કાર્યકરો સાથે મુખ્યમંત્રીએ યોજેલી બેઠકમાં પ્રશ્નોની ઝડીઓ રજુ થઈ હતી.

જોકે મુખ્યમંત્રીએ બધી રજુઆતોને ધ્યાને લઈ માણસાના નવ તળાવનું આંતરિક જોડાણ



કરવાનો પ્રાથમિક અહેવાલ તાકીદે રજુ કરવા તંત્રને જણાવ્યુ હતુ.

તેમણે પાણીનો બગાડ થાય નહિ અને પાણીના સ્તર ઊંચા આવે તે માટેના પ્રયાસો પર ભાર મુક્યો હતો. તેમણે માણસા-કલોલ હાઈવેના કામ અંગેની સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી સત્વરે કામ પૂર્ણ થાય તે માટે સૂચનાઓ આપી હતી. બાલવા માણસા વચ્ચેના માર્ગના નવિનીકરણની દરખાસ્ત પણ રજુ કરવા અધિકારીઓને જણાવ્યુ હતુ.

માણસા નગરપાલિકા વિસ્તારના વિકાસ કામો માટે રીંગ રોડ બનાવવાની ચર્ચા દરમ્યાન તેમણે ટાઉન પ્લાનીંગ સ્કીમના તાત્કાલિક અમલીકરણ માટે સૂચના આપી હતી. કલોલમાં અંડર પાસને પહોળો કરવા સંબંધિત અધિકારીઓને જણાવ્યુ હતુ.

મુખ્યમંત્રીએ કલોલ ન.પા. વિસ્તારના સ્થાનિક રહીશોની માંગણીને ધ્યાને લઈ ઘન કચરાના નિકાલ માટે જણાવ્યુ હતુ તેમજ આ માટે લેન્ડફિલ્ડ સાઈટની રજુ થયેલી દરખાસ્તને તાત્કાલિક મંજૂરી મળે તે જોવા સૂચન કર્યુ હતુ.

દહેગામ તાલુકામાં તળાવો ભરવા તેમજ માણસાની અનોડિયા પંથકમાં પણ કેનાલના પાણીથી તળાવો ભરવા રજુઆત થઈ હતી. ગ્રામીણ વિસ્તારોમાં સરદાર આવાસ યોજના, પંડિત દિનદયાલ યોજના, આંબેડકર આવાસ બનાવવા માટે તંત્ર નનૈયો ભણી રહેલ છે ત્યારે માનવીય અભિગમ દાખવી મોંઘવારીમાં ગરીબ પરિવારો પર ભારણ વધે નહિ તે જોવાની રજુઆત અંગે મુખ્યમંત્રીએ હકારાત્મક પ્રતિસાદની ખાત્રી આપી હતી. આજે મળેલી આ સમીક્ષા બેઠકમાં પાણીના નીચે જઈ રહેલા સ્તર તેમજ જિલ્લામાં પાણી-વીજળીના પ્રશ્નો પણ રજુ થયા હતા. જિલ્લા પંચાયતની જમીન માટે ચૂંટાયેલી પાંખ કે

● અનુસંધાન પાન-૭ પર

# પ્રતિબંધિત પ્લાસ્ટિકના વપરાશકર્તાઓ સામે મનપાની દંડાત્મક કાર્યવાહી

**૫૩ વ્યક્તિઓને દંડ કરાયો**



ગાંધીનગર, તા. ૧૯

પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા માટે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક નાં વપરાશ સામે કાર્યવાહી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક ઉપયોગ કરતા લોકો સામે કાર્યવાહી અંતર્ગત ૫૩ લોકો પાસેથી રૂ. ૨૬,૫૦૦ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો છે તથા અંદાજીત ૧૫ કી.ગ્રા. જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો છે. ભારતના પર્યાવરણ, વન અને જળવાયું પરિવર્તન મંત્રાલયના નિર્દેશ અનુસાર નિયત મર્યાદા કરતા ઓછી મેક્રોનવાળા પ્લાસ્ટિકના ઉત્પાદન, આયાત, ઉપયોગ, વિતરણ, વેચાણ અને સ્ટોકિંગ પર પ્રતિબંધ છે. જે મુજબ આ નિયમનો ભંગ કરનાર સામે પર્યાવરણીય સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ હેઠળ યોગ્ય કાર્યવાહી તથા નિયમોનું પાલન ન કરનાર સામે દંડ રૂપે વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવે છે.પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઉપયોગ કે વેચાણ કરતા લોકો સામે આગળ પણ કડક કાર્યવાહી કરવામાં આવશે જેથી શહેરની સ્વચ્છતા જળવાઈ રહે અને પ્લાસ્ટિક પ્રદૂષણ પર નિયંત્રણ મેળવી શકાય. જેની દરેક શહેરીજનોએ નોંધ લેવા વિનંતી છે.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન ગાંધીનગર ખાતે કરાયું



ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કક્ષાના કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન તાજેતરમાં ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. સેકટર- ૧૭, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાયેલ આ કેમ્પમાં ૧૮૮ અરજીઓનું ધિરાણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ખાતે યોજાયેલ ક્રેડિટ કેમ્પનો અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત ગાંધીનગર (દ) ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના હસ્તે દીપ પ્રાગટય કરીને આરંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય (દ) શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, બહેનો પાસે બચત કરવાનું અને તેઓ પોતાના પાસે રહેલા પૈસાનું ખૂબ જ ચીવટપૂર્વક ખર્ચ કરવાનું કૌશલ્ય ધરાવે છે. કેશ ક્રેડિટનો સારી રીતે ઉપયોગ કરી પગભર થવા પૂરતો પ્રયત્ન કરી પરિવારને મદદરૂપ થવું જોઈએ.

આ કેમ્પમાં કુલ ૩૭૨ અરજીઓ સ્પોન્સર કરવામાં આવી હતી. જેમાંથી ૨૨૧ અરજીઓ મંજુર કરવામાં આવી હતી. ૧૮૮ અરજીઓનું કેમ્પ દરમ્યાન ધિરાણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સ્વ સહાય જુથના ૨૩૦ બહેનો સહભાગી થયા હતા. આ કેમ્પમાં બેંક સખી તેમજ બીસી સખી તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરી રહેલા કુલ ૮ બહેનોનું મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# સેક્ટર-૨૨માં એક વર્ષના અંતે પણ માર્ગનુ કામ પુર્ણ થયુ નથી

**રાહદારીઓ રોષે ભરાયા : ઉબડ ખાબડ અને જોખમી સ્થિતિ વચ્ચે રોષે ભરાયેલા યુવાને કોન્ટ્રાકટરના સામાન આડે ઇનોવા ઉભી રાખી : રોષ વ્યકત કર્યો અન્ય રાહદારીઓએ પણ યુવાનની વાતને સાચી ઠેરવી તંત્રના આ મંદ મિજાજ સામે રોષ વ્યકત કર્યો**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરના સેકટરોમાં હાલ ઠેર ઠેર ખોદકામગીરી પુરજોશમા ચાલી રહી છે. જેના લીધે સ્થાનિકોની હાલત પણ દયાજનક બની છે. આમ પણ શહેરના સેકટરોમાં મુખ્ય માર્ગો અને સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ થઈ છે. નિયત સમયના અંતે માર્ગોની સુધારણાનુ કામ પણ હાથ ધરાયુ નથી જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્થિત અત્યંત બેહાલ બની છે. આજે સે-૨૨ માં આ સ્થિતિથી ત્રસ્ત યુવાને આડી ઈનોવા કાર ઉભી રાખી દઈ કોન્ટ્રાકટરોના વાહનો આડે ઉભી રાખી દીધી હતી. આગ બબુલા બનેલા યુવાને તંત્ર તેમજ કોન્ટ્રાકટરોને આડે હાથ લીધા હતા. આમ નાગરિકો એકબાજુ ગરમીથી ત્રસ્ત છે. જેમાં મોંઘવારીનો માર પણ અસહ્ય બન્યો છે. આ સ્થિતિ વચ્ચે સ્માર્ટ બનતા શહેરમાં હાઈટેક વિકાસની વાતો વચ્ચે ઠેર ઠેર આડેધડ ખોદકામ થઈ રહ્યુ છે. જેના લીધે સેકટરવાસીઓ ડગલે ને પગલે હેરાનગતિ વેઠી રહ્યા છે. કોર્પોરેશન દ્વારા સુવિધાના નામે તગડો ટેકસ વસુલે છે ત્યારે સુવિધા મળથી નથી પરંતુ ઠેર ઠેર દુવિધાઓના લીધે રહીશો તોબા પોકારી ગયા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. પાણી પુરવઠા બોર્ડ અને પાટનગર યોજના વિભાગની પાણી અને ગટર લાઈનની કામગીરી હજુ થોડા સમય પહેલા જ શરૂ થઈ છે. પરંતુ ટુંકા ગાળમાં જ નગરજનો ગળે આવી ગયા છે. એકબાજુ કામ પણ ઝડપથી થતુ નથી. સે-૨૨ માં મુખ્યમાર્ગોના વાઈડનીંગનુ કામ છેલ્લા એક વર્ષથી ચાલી રહ્યુ છે. જેન લીધે માર્ગ સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. દ્વી માર્ગીય કરવાની યોજના અન્વયે કામ યોગ્ય રીતે ન થતા અને પુરુ પણ ન થતા માર્ગ સાંકડો બન્યો છે. જયારે પાઈપલાઈન નાંખવા માટે ખોદકામના લીધે માર્ગો પણ ઉબડ ખાબડ બનવાની સાથે ધુળિયુ વાતાવરણ પણ સ્થાનિકો માટે હાલાકીનુ કારણ બન્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાવોલ-ગાંધીનગર માર્ગ પર નવા સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવાનુ કામ હાથ ધરાયુ

**સ્ટ્રીટ લાઇટના ૪૫ નવા થાંભલાના ફીટીંગના અંતે માર્ગ પર અજવાળુ પથરાશે : સેકટરોમાં પણ દાયકાઓ જુના કટાયેલા અને જોખમી પોલ્સ દુર કરી નવા નવા નાંખવા માટે સ્થાનિકોની પ્રબળ માંગ**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરમાં સેકટરોના મુખ્ય અને આંતરિક માર્ગોની જેમ સ્ટ્રીટ લાઈટની હાલત પણ કંગાળ જોવા મળે છે. કટાયેલા અને જોખમી થાંભલાની જાળવણીના નામે મીંડુ છે. થાંભલાઓને કલરકામ પણ કરવામાં આવતુ નથી જયારે શહેર આસપાસના વિસ્તારમાં પણ રોડ નેટવર્ક ડેવલપ થતા તબક્કાવાર નવા પોલ્સ નાંખવાનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. વાવોલ ગાંધીનગર માર્ગ પર હાલ ૪૫ જેટલા નવા સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક દાયકાથી સ્ટ્રીટ લાઈટના પોલ્સની હાલત અત્યંત કંગાળ જોવા મળી રહી છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલા અને ઘણાં ઠેકાણે ખુલ્લા જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે. દર વખતે વાઈબ્રન્ટ વેળાએ સ્ટ્રીટ લાઈટના પોલ્સને કલર કરવામાં આવે છે જો કે આ કામગીરી પણ વી વી આઈ પી મહાનુભાવાઓના રૂટ સુધી જ સિમિત રહે છે. જેના લીધે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીના મામલે હજુ સુધી કાંઈ થઈ શક્યુ નથી. સેકટરોમાં કોઈક ઠેકાણે એકાદ વિસ્તારમાં ભાગ્યે જ સ્ટ્રીટ લાઈટના થાંભલાનુ રંગરોગાન થાય છે. જયારે મોટાભાગના થાંભલાઓ કટાયેલી હાલતમાં હોવાનુ પણ ચિત્ર ઉપસી આવ્યુ છે. ત્યારે તંત્રની અવગણનાના અંતે સ્થાનિકો પણ સ્ટ્રીટ લાઈટના થાંભલાનો ઉપયોગ જાહેરખબર માટે કરે છે. શહેરમાં માર્ગોની કામગીરીના અંતે સે-૬ સહીત કેટલાક ઠેકાણે પોલ્સ નવા નાંખવામાં આવ્યા છે. પરંતુ હજુ સેકટરોના મોટાભાગના આંતરિક વિસ્તારમાં માર્ગો જેવી દશા સ્ટ્રીટ લાઈટની છે. જેના લીધે દર ચોમાસામાં પણ સેકટરોની શેરીઓમાં વારંવાર અંધારુ પથરાય છે. પાટનગર યોજના ભવનના ઈલેક્ટ્રીક ડીવીઝન દ્વારા ગીફટ સીટી થી લેકાવાડા તરફના માર્ગ પર નવા પોલ્સ નાંખવા માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જો કે હજુ આ દરખાસ્તને મંજુરી મળી નથી જયારે હાલ વાવોલ ગાંધીનગર માર્ગ પર નવા થાંભલા નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. આ વિસ્તારમાં લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટની કામગીરી હાથ ધરવા માટે પણ માંગ ઉઠવા પામી હતી જયારે હાલ તંત્ર દ્વારા નવા ૪૫ થાંભલાનુ ફીટીંગ પણ કરવામાં આવી રહ્યુ છે જેની પાછળ અંદાજિત રૂ ૨૭ લાખનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરની આસપાસના વિસ્તારની જેમ નગરના સેકટરોમાં પણ દાયકાઓ જુના કટાયેલા અને જોખમી થાંભલા દુર કરી નવા નાંખવા માટે પણ આયોજન કરવામાં આવે તેવી સ્થાનિકોની લાગણી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

# સેક્ટર ૮, ૨૪, ૨૭ના રંગમંચ અને સેક્ટર-૭ની લગ્નવાડીનું સંચાલન મનપા હસ્તક

**માત્ર ૧૫૦૦૦ રૂપિયામાં થશે બૂક**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાની રંગમંચ શાખા દ્વારા રંગમંચ અને વાડીઓનું બૂકિંગ કરવામાં આવે છે. મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવતી આ સેવામાં ઉમેરો થયો છે. ગુજરાત સરકાર દ્વારા સેક્ટર ૮, ૨૪ અને ૨૭ના રંગમંચ તેમજ સેક્ટર ૭માં આવેલી લગ્નવાડી કોર્પોરેશનને સોંપવામાં આવી છે. જેથી હવે આ તમામનું બૂકિંગ પણ મહાનગરપાલિકા અંતર્ગત કરવામાં આવશે.

આ રંગમંચોનું પાટનગર વિભાગ યોજના દ્વારા નવીનીકરણ કરવામાં આવ્યું છે. નવીનીકરણ બાદ હવે આ રંગમચ અને સેક્ટર ૭ની લગ્નવાડીને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવી છે. જે મુજબ હવેથી રહીશોને સેકટર ૮, ૨૪, ૨૭નાં રંગમંચ અને સેક્ટર ૭ની લગ્નવાડી ભાડે મળી શકશે. ઉપરોક્ત રંગમંચ અને લગ્નવાડીના બૂકિંગ માટે માત્ર ૧૫,૦૦૦/- રૂપિયા ભાડુ, ૧૦,૦૦૦/- રૂપિયા ડિપોઝિટ તથા ૫૦ રૂપિયા ફોર્મ ફીની અને ૨૦૦૦ રૂપિયા વહીવટી ચાર્જ ચુકવવાના રહેશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com